ISPG-58

Vartman Paristhiti ma
Jamaat-e-Islami Hind ni
Karya-Paddhati

# વર્તમાન પરિસ્થિતિમાં
# જમાઅતે ઇસ્લામી હિંદની
# કાર્ય-પદ્ધતિ


લે. મૌલાના સૈયદ જલાલુદ્દીન ઉમરી
(અમીર, જમાઅતે ઇસ્લામી હિંદ)

• અનુવાદ •
મુહમ્મદ જમાલ પટીવાલા

# અનુક્રમણિકા


બે શબ્દો ..... ૫

સેક્યૂલર ભારતમાં જમાઅતે ઈસ્લામી હિંદની પ્રવૃત્તિઓ ..... ૭

વર્તમાન પરિસ્થિતિમાં જમાઅતની પ્રાથમિકતાઓ ..... ૯

૧. જમાઅતથી સંલગ્ન લોકોની આત્મ-શુદ્ધિ અને વિકાસ તથા જમાઅતની આંતરિક સ્થિરતા ..... ૧૦

૨. ઈસ્લામનો પરિચય ..... ૧૦

૩. દેશની સમસ્યાઓ ..... ૧૨

૪. મિલ્લતની સમસ્યાઓ ..... ૧૩

સંસાધનોની અસમાન વહેંચણી અને આર્થિક અસમાનતા વિશે જમાઅતનો મત ..... ૧૪

મુસ્લિમ પર્સનલ લૉનો પ્રશ્ન ..... ૧૫

મિલ્લતની એકતા માટે જમાઅતના પ્રયત્નો ..... ૧૫

ભારતના મુસલમાનોનું શૈક્ષણિક પછાતપણું દૂર કરવાનાં પગલાં ..... ૧૫

દેશમાં ઈસ્લામ, મુસલમાનો અને ઈસ્લામી તેહરીકો સામે પડકારો અને સાચી કાર્ય-પદ્ધતિ ..... ૧૬

ઉર્દૂ ભાષાનો પ્રશ્ન ..... ૧૬

સચ્ચર કમિટીના રીપોર્ટના પ્રકાશમાં જમાઅતની ભાવિ કાર્ય-યોજના ..... ૧૭

મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ ..... ૧૭

ભારત-પાકિસ્તાન સંબંધો ..... ૧૮

જમાઅતે ઈસ્લામી હિંદ અને કશ્મીરનો પ્રશ્ન ..... ૧૮

વૈશ્વિક સ્તરે ઉમ્મતે મુસ્લિમાની સૌથી મોટી સમસ્યા અને તેનો ઉકેલ ...... ૨૦
આંતરરાષ્ટ્રીય ઈસ્લામી તેહરીકોની સાથે જમાઅતના સંબંધો ............ ૨૧
દેશની વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં જમાઅતના પ્રયાસો ............. ૨૧
ચૂંટણીઓમાં ભાગ લેવા કે ન લેવાનો પ્રશ્ન .......................... ૨૨
ફાસીવાદ અને કોમવાદ વિરુદ્ધ જમાઅતના પ્રયત્નો .................... ૨૪
આજના યુગને અનુરૂપ સાહિત્યની જરૂરત ........................... ૨૪
બૌદ્ધિક અને વૈચારિક ક્ષેત્રમાં જમાઅતની દૃષ્ટિએ કામ ................. ૨૫
વર્તમાન યુગમાં નેતૃત્વના ગુણો ..................................... ૨૫
અન્ય લઘુમતી જૂથોથી જમાઅતના સંબંધો ............................ ૨૬
શૈક્ષણિક અને આર્થિક મામલાઓ તરફ ધ્યાન .......................... ૨૬
જમાઅતે ઈસ્લામી હિંદ અને મીડિયા ............................... ૨૭

بسم الله الرحمن الرحيم
(શરૂ અલ્લાહના નામથી, જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.)

# બે શબ્દો...

જમાઅતે ઈસ્લામી હિંદ 'ઈકામતે દીન' (દીનની સ્થાપના)ની આવાહક છે. તે માનવ-જીવનના વ્યક્તિગત અને સામૂહિક, તમામ પાસાઓમાં દીનને લાગુ કરવાનો નિર્ધાર રાખે છે. તે ઈચ્છે છે કે તમામ દેશવાસીઓ સુધી ઈસ્લામનો સંદેશ પહોંચે, તેઓ તેની શિક્ષાઓથી વાકેફ થાય અને તેના વિશે તેમના મનમાં જે શંકા-કુશંકાઓ છે, દૂર થાય. જમાઅત એ પણ ઈચ્છે છે કે દેશ જે સમસ્યાઓનો સામનો કરી રહી છે, તે હલ થાય અને દેશવાસીઓ ઈસ્લામ વિશે એ હેસિયતથી વિચારે કે ઈસ્લામ તેને હલ કરી શકે છે. મિલ્લતે ઈસ્લામિયા હિંદ (ભારતનો મુસ્લિમ સમાજ) જે મુશ્કેલીઓ અને સમસ્યાઓનો શિકાર છે, જમાઅત સ્વયં પણ પોતાની શક્તિ અનુસાર અને બીજી સંસ્થાઓ અને જમાઅતો (સમૂહો)ની સાથે મળીને પણ તેના ઉકેલ માટે કોશિશ કરે છે. જમાઅતે ઈસ્લામી હિંદની વ્યવસ્થા ચાર વર્ષીય સત્ર પર આધારિત છે. દરેક સત્રના આરંભમાં જમાઅત આયોજન કરીને નવી પરિસ્થિતિઓમાં પોતાની પ્રવૃત્તિઓ માટે નીતિઓ અને કાર્યક્રમો ઘડે છે.

જમાઅતે ઈસ્લામી હિંદના નવા સત્રની શરૂઆત એપ્રિલ ૨૦૦૭થી થઈ છે. આ સત્ર માટે જમાઅતની 'મજલિસે નુમાઈન્દગાન' (પ્રતિનિધિ સભા)એ મૌલાના સૈયદ જલાલુદ્દીન ઉમરીને 'અમીરે જમાઅત' તરીકે પસંદ કર્યા છે. મૌલાના ઉમરી પ્રસિદ્ધ આલિમે-દીન (ઈસ્લામી વિદ્વાન), શ્રેષ્ઠ પ્રવચનકાર અને પ્રખ્યાત લેખકની હેસિયતે ભારતમાં જ નહિં, બલ્કે વિદેશમાં પણ સન્માનની નજરથી જોવામાં આવે છે. મૌલાના પોતાની યુવાનીમાં ઈ.સ. ૧૯૫૪ થી જ જમાઅતથી સંલગ્ન અને તેની પ્રવૃત્તિઓથી સારી રીતે વાકેફ, બલ્કે તેમાં સહભાગી રહ્યા છે. તેહરીકી (ઈસ્લામી આંદોલન વિષયક), દીની (ઈસ્લામ વિષયક) અને આધુનિક વિષયો પર પચાસની આસપાસ પુસ્તકો લખી ચૂક્યા છે, જેમાંથી કેટલાક પુસ્તકોના ભારતની વિભિન્ન પ્રાદેશિક ભાષાઓ ઉપરાંત, અરબી, અંગ્રેજી અને તુર્કીમાં પણ અનુવાદો થઈ ચૂક્યા છે. મૌલાના લાંબા સમયથી પ્રખ્યાત બૌદ્ધિક અને સંશોધન સંસ્થા 'ઈદારા તેહકીક વ તસ્નીફ ઈસ્લામી' (અલીગઢ)ના અધ્યક્ષની ફરજ નિભાવી રહ્યા છે અને તેના વિશિષ્ટ મુખપત્ર ત્રિમાસિક 'તેહકીકાતે

ઇસ્લામી'ના સંપાદક છે. તદુપરાંત, તેઓ વિખ્યાત દર્સગાહ (ઇસ્લામી પાઠશાળા) 'જામેઅતુલ ફલાહ' (બિલરિયાગંજ, આઝમગઢ, યુપી)ના કુલપતિ, ઑલ ઇન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના સ્થાપક સભ્ય, ઑલ ઇન્ડિયા મુસ્લિમ મજલિસે મુશાવરત સહિત અનેક તેહરીકી અને મિલ્લી સંસ્થાઓના હોદ્દેદારની હેસિયતથી જોડાયેલાં છે. આનાથી અગાઉ તેઓ ઈ.સ. ૧૯૯૦ થી (અમીરે જમાઅત બન્યા ત્યાં સુધી) નાયબ અમીરે જમાઅતની હેસિયતે સેવાઓ આપતા ચૂક્યા છે.

અમીરે જમાઅત પસંદ થયા પછી મૌલાના ઉમરીના સન્માનમાં જુદા-જુદા સ્થળોએ અભિવાદન કાર્યક્રમોનું આયોજન થયું હતું, જેમાં તેમના પ્રવચનો થયા અને વિભિન્ન સામયિકો અને વિચાર-પત્રોમાં ઇન્ટરવ્યૂ પ્રકાશિત થયા. તેમાં ત્રિદિવસીય 'દા'વત' (નવી દિલ્હી), માસિક 'અફકારે મિલ્લી' (નવી દિલ્હી), દૈનિક 'જંગ' (લંડન), માસિક 'કાન્તિ' (નવી દિલ્હી) અને વેબ-સાઇટ 'www.cobrapost.com' વિશેષ રૂપે ઉલ્લેખનીય છે. આ પ્રવચનો અને ઇન્ટરવ્યૂઝમાં મૌલાનાએ દેશ, મિલ્લત, અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ વિશે જમાઅતનો દૃષ્ટિકોણ પ્રસ્તુત કર્યો છે અને જમાઅતની પ્રવૃત્તિઓ પર પ્રકાશ નાખ્યો છે. આ ઇન્ટરવ્યૂઝ દ્વારા જમાઅતની દા'વત (સંદેશ), તેનું મૂળભૂત કાર્ય, વિભિન્ન ઇસ્યૂઝ (મુદ્દાઓ) પર તેના દૃષ્ટિકોણ અને નીતિઓની સારી રીતે સ્પષ્ટતા થાય છે.

સંસ્થા, (અર્થાત્ મક્તબા) ડૉ. મુહમ્મદ રઝીઉલ ઇસ્લામ નદવીની આભારી છે કે તેમણે આદરણીય અમીરના ઇન્ટરવ્યૂઝના મહત્ત્વને ધ્યાનમાં રાખીને તેને યોગ્ય રીતે ક્રમબદ્ધ અને સંપાદિત કરીને 'મક્તબા'ને પ્રકાશિત કરવાની પરવાનગી આપી. સ્પષ્ટ રહે કે આદરણીય સંપાદકે પ્રશ્નોને કાઢી નાખ્યા છે. જવાબોથી સ્વયં સ્પષ્ટ થઈ જાય છે કે પ્રશ્નો શું રહ્યા હશે. એ વાત સંતોષજનક છે કે પ્રિન્ટિંગમાં જતા પહેલાં આ ઇન્ટરવ્યૂઝ પર મૌલાના મહોદયે પણ તેનું પુનરવલોકન કરી લીધું છે.

આશા છે કે 'મર્કઝી મક્તબા ઇસ્લામી પબ્લિશર્સ'ના આ પ્રયાસનો સાદર સ્વીકાર કરવામાં આવશે.

**— પ્રકાશક**

# સેક્યૂલર દેશમાં જમાઅતે ઈસ્લામી હિંદની પ્રવૃત્તિઓ

ભારત એક સેક્યૂલર (ધર્મનિરપેક્ષ) અને લોકશાહી દેશ છે. અહીં દરેક વ્યક્તિને બંધારણની રૂએ ધર્મ અને મઝહબ પર અમલ કરવા અને તેનો પ્રચાર અને પ્રસાર કરવાની અને ધર્મ-પરિવર્તન કરવાની આઝાદી છે. એ જ પ્રમાણે ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા, સંગઠનો બનાવવા અને ચલાવવાની પણ સ્વતંત્રતા છે. પ્રયત્ન એ છે કે આ અધિકાર બાકી રહે, જેથી આ દેશ સામે સંપૂર્ણ સ્પષ્ટતાની સાથે એ વાત આવે કે ઈસ્લામ શું છે, તેની આચાર-વિચારની વ્યવસ્થા શું છે અને તે કેવી રીતે દુનિયા અને આખિરત (પરલોક)ની સફળતાની બાંહેધરી આપે છે, અને તેના વગર વ્યક્તિ અને સમાજ કઈ રીતે વિનાશક પરિણામોનો સામનો કરે છે.

વિભિન્ન કારણોસર આ દેશમાં હજારો, લાખો બિનમુસ્લિમોમાં ભાગ્યે જ કોઈ એક વ્યક્તિ હશે, જે ઈસ્લામને આ હેસિયતથી જાણતો હોય. આ પરિસ્થિતિનો અનિવાર્ય તકાદો એ છે કે અહીં ઈસ્લામનો પૂરેપૂરો પરિચય થાય. તેના માટે દેશમાં વાણી-વિચારની સ્વતંત્રતા બાકી રહે તે આવશ્યક છે.

જમાઅતે ઈસ્લામી હિંદ ગત કેટલાય વર્ષોથી દેશબંધુઓમાં ઈસ્લામના પરિચય અને તેના સંદેશને ફેલાવવા માટે વ્યવસ્થિત રીતે કોશિશ કરી રહી છે. તેણે આ સંદર્ભે ઉર્દૂ ભાષામાં લખાયેલ સાહિત્યને હિન્દી અને અંગ્રેજી, ઉપરાંત પ્રાદેશિક ભાષાઓમાં પણ મોટા પ્રમાણમાં, ન માત્ર અનુવાદ કરાવ્યા છે, બલ્કે બિનમુસ્લિમ દેશબંધુઓની માનસિકતા અને તેમના ધાર્મિક વલણોને નજર સામે રાખીને નવીન દા'વતી (ઈસ્લામનો પરિચય આપતું) સાહિત્ય પણ તૈયાર કર્યું અને તેને તેમના સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. એ જ પ્રમાણે અત્યાર સુધી દેશની પંદર ભાષાઓમાં કુર્આન-મજીદના અનુવાદો થઈ ગયા છે અને તેને પ્રકાશિત પણ કરવામાં આવ્યા. જમાઅતની કોશિશ એ છે કે દેશ અને માનવ-જાતને જે સમસ્યાઓનો સામનો છે, તેના સામે ઈસ્લામને એક વિકલ્પના રૂપમાં પ્રસ્તુત કરે અને કૃપાળુ પયગંબર હઝરત મુહમ્મદ ﷺ નો પરિચય માનવતાના

ઉપકારક અને મુક્તિ-દાતા તરીકે કરાવે. આમ, આ કોશિશોને વધુ તેજ કરવાની અને પ્રચાર-પ્રસારના તમામ સંભવિત માધ્યમોનો ઉપયોગ કરવાની જરૂર છે. તેની સાથે-સાથે જમાઅત દેશમાં ઘડાતી સામાન્ય નીતિઓની સમીક્ષા કરતી રહે છે અને તેના સંદર્ભમાં, એટલું જ નહિં કે પોતાનો દૃષ્ટિકોણ સ્પષ્ટ કરે છે, બલ્કે પ્રજામતને જાગૃત કરીને તેના પર પ્રભાવિત થવાનો પ્રયાસ પણ કરે છે. જમાઅતે ઇસ્લામી હિંદ એ વાત માટે પણ પ્રયત્નશીલ છે કે દેશના બંધારણમાં ધાર્મિક સ્વતંત્રતાની બાંહેધરી ન કેવળ બાકી રહે, બલ્કે તેને સમાપ્ત કરવાની જે કોશિશો કેટલાક કોમવાદી અને ફાસીવાદી તત્ત્વો તરફથી કરવામાં આવી રહી છે, તેમાં તેઓ સફળ ન થવા પામે.

# વર્તમાન પરિસ્થિતિમાં જમાઅતની પ્રાથમિકતાઓ

અમારો સૌપ્રથમ પ્રયત્ન એ હશે કે 'અરકાન' (સભ્યો) અને તેનાથી સંલગ્ન લોકો, જેઓ 'અઅ્‌લાએ કલિમતુલ્લાહ' (અલ્લાહની વાતને બુલંદ કરવાના) અને 'ઇકામતે દીન' (દીનની સ્થાપના)ના મહાન ઉદ્દેશ્ય માટે આ દેશમાં કોશિશ કરી રહ્યા છે, તેઓ વૈચારિક, બૌદ્ધિક અને અમલી રીતે નિર્ધારિત માપદંડના સૌથી સમીપ હોય અને જે દીન તરફ તેઓ લોકોને બોલાવી રહ્યા છે, તેમના વાણી અને વર્તન પણ આ દીનને અનુરૂપ હોય.

બીજી મોટી સમસ્યા અમારા સામે એ છે કે મુસલમાનો આ દેશમાં એક હજાર વર્ષથી છે. ઉપરાંત, હજુ સુધી વાસ્તવિક અર્થમાં ઇસ્લામનો પરિચય નથી થઈ શક્યો. તેમાં કોઈ સંદેહ નથી કે કેટલાક વિઘ્ન-સંતોષી તત્ત્વો ઇસ્લામની છબી બગાડવાની ઇરાદાપૂર્વક કોશિશ કરી રહ્યા છે. તેનો અનિવાર્ય તકાદો એ છે કે આ કોશિશોને સફળ થવા દેવામાં ન આવે. પરંતુ એ એક હકીકત છે કે આ દેશની બહુમતી ઇસ્લામથી પરિચિત નથી. તેનું એક પાસુ એ પણ છે કે ઇસ્લામ-દુશ્મન તત્ત્વોએ અમારી છબી જે રીતે બગાડી છે, જો અમે તેને બદલાવાનાં વ્યવસ્થિત અને યોજનાબદ્ધ પ્રયાસો ન કર્યા, તો અહીંની બહુમતી અમને દુશ્મન કોમની હેસિયતથી જોશે અને અમારી કોઈ વાત સાંભળવા તૈયાર નહીં થાય. એ વાત સ્પષ્ટ રહે કે તેના માટે અમારે ક્ષમાપ્રાર્થી વલણ અપનાવવું ન જોઈએ, બલ્કે હકારાત્મક અને તાર્કિક રીતે આગળ વધીને દેશબંધુઓને ઇસ્લામથી અને હુઝૂર અકરમ ﷺ ના જીવન-ચરિત્રથી વાકેફ કરાવવા પડશે.

આ દેશમાં સામાન્ય લોકોના અનેક પ્રશ્નો છે. પીવાના શુદ્ધ પાણીથી લઈને શુદ્ધ આબોહવાની ઉપલબ્ધિ સુધી, ગરીબીથી લઈને બેરોજગારી સુધી અનેકાનેક સમસ્યાઓ છે. દુનિયાની કોઈપણ સંસ્થા એકી સાથે આ તમામ સમસ્યાઓને હલ કરવાનો દાવો નથી કરી શકતી, ત્યાં સુધી કે સરકાર માટે પણ આવું કરવું મુશ્કેલ છે. નિશ્ચિતપણે તેમાંથી અમુક સમસ્યાઓને અમે પ્રાથમિકતાના ધોરણે અમારા હાથમાં લઈશું. સ્વયં

મુસલમાનોના પણ જે પ્રશ્નો છે, તેમાંથી કેટલાક સામૂહિક પ્રયાસોની માંગ કરે છે. તેના માટે સામૂહિક કોશિશો થવી જોઈએ. બીજા કેટલાક પ્રશ્નો એ છે, જેના હલ માટે મિલ્લતની અન્ય સંસ્થાઓ કોશિશ કરી રહી છે. તેમાં અમે તેમને સહયોગ આપીશું. મુસલમાનોની કેટલીક સમસ્યાઓ એવી છે કે જેને ઘણીબધી સંસ્થાઓ પણ જોઈ રહી હોય, તો પણ તેનો હક્ક અદા કરી નહીં શકાય; જેમ કે મુસલમાનોના દીની અને આધુનિક શિક્ષણની સમસ્યા, ગરીબી અને નિર્ધનતાને દૂર કરવાની સમસ્યા વગેરે. આ સમસ્યાઓના સંદર્ભમાં અમે અમારી શક્તિ, માનવ-શક્તિ અને ભૌતિક સંસાધનોને આધાર બનાવીને આગામી આયોજન કરીશું.

એક મહત્ત્વની સમસ્યા ઉમ્મત (મુંસ્લિમ સમાજ)ને દીની અને નૈતિક રીતે ઉચ્ચ અને શ્રેષ્ઠ સ્થાન સુધી પહોંચાડવાની છે, જેને ધાર્મિક પરિભાષામાં 'ખૈરે ઉમ્મત' કહેવામાં આવે છે, પરંતુ સાચી વાત એ છે કે તેના માટે જેટલી કોશિશ કરવી જોઈએ, એવું લાગે છે કે એટલી કોશિશ કરવામાં આવતી નથી. આ ઉચ્ચ સ્થાન સુધી પહોંચ્યા વગર અમારી કોઈ વિશિષ્ટતા આ દેશમાં બાકી રહેશે નહીં.

**(૧) જમાઅતથી સંલગ્ન લોકોનો 'તઝકીયા' (આત્મ-શુદ્ધિ અને વિકાસ) તથા જમાઅતની આંતરિક સ્થિરતા :**

સૌપ્રથમ અમે જમાઅતથી સંલગ્ન લોકોનો 'તઝકિયા' અને જમાઅતની આંતરિક સ્થિરતા અને મજબૂતાઈ પર અમારું ધ્યાન કેન્દ્રિત કરીશું. જમાઅતે ઈસ્લામી હિંદે પોતાના અરકાન માટે એક દીની અને નૈતિક માપદંડ નિર્ધારિત કરેલ છે. પ્રત્યેક સત્રીય નીતિ અને કાર્યક્રમમાં તેની સ્પષ્ટતા પણ થતી રહે છે. આ માપદંડ કે ધોરણ એ છે, જેના પર શરીઅતની રૂએ દરેક મુસલમાને પૂરા ઉતરવું જોઈએ. જમાઅતે ઈસ્લામી એવું ઇચ્છે છે અને તે તેના બંધારણનો તકાદો પણ છે કે તેના અરકાન આ માપદંડ પર પૂરા ઉતરવા માટે પ્રયત્નશીલ રહે અને એક ખરા, સાચા મુસલમાનનો નમૂનો પોતાના જીવનમાં પ્રસ્તુત કરે. જમાઅતના બંધારણમાં આવશ્યક ગુણો પછી 'મેઅ્યારે-મતલૂબ' (અપેક્ષિત માપદંડ)ની પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. મારો અહેસાસ છે કે જમાઅત, પોતાની તમામ કોશિશો છતાં હજુ આ માપદંડ સુધી પહોંચી શકી નથી. જમાઅતે સાતત્યની સાથે આ દિશામાં પોતાનો પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. તેના વગર ન કેવળ એ કે બંધારણના તકાદાઓ પૂરા નહીં થાય, બલ્કે સ્વયં લક્ષ્ય અને ઉદ્દેશ્યના તકાદાઓ પણ પૂરા નહીં થઈ શકે.

**(૨) ઈસ્લામનો પરિચય :**

દેશમાં ઈસ્લામના પરિચયનું કાર્ય જેટલા વ્યાપક અને બહોળા પ્રમાણમાં થવું

જોઈએ, નથી થઈ શક્યું. જમાઅત એ સ્થિતિમાં હતી અને આ કામ કરી શકતી હતી, આજે પણ કરી શકે છે. તેથી હવે આ દિશામાં વિશેષ ધ્યાન આપીને ઈસ્લામના પરિચય અને તેની દા'વત (ઈસ્લામના આમંત્રણ)નું કામ મોટા પાયે કરવું જોઈએ.

આપણો દેશ ખૂબ જ વિશાળ અને ફેલાયેલો છે. અહીં દા'વતનું ખૂબ મોટું મેદાન છે, ઘણી તકો છે, જેનો ઉપયોગ કરવો જોઈએ.

જમાઅત આરંભથી જ એ વાત માટે ચિંતિત હતી કે કોઈપણ પ્રકારના જાતિ-જ્ઞાતિ અને પ્રદેશના ભેદભાવ વગર દેશવાસીઓની સામે ઈસ્લામનો સાચો પરિચય થાય. જ્યાં સુધી બિનમુસ્લિમ દેશબંધુઓ દરમ્યાન દા'વત (ઈસ્લામના પરિચય અને આમંત્રણ)નો સંબંધ છે, જમાઅતને શરૂઆતથી જ તેના મહત્ત્વનો અહેસાસ હતો. તેને જ નજર સમક્ષ રાખીને મૌલાના અબૂલ લૈસ નદવી ઈસ્લાહી (રહ.)ના નેતૃત્વ-કાળના આરંભે જ મૌલાના સદ્રુદ્દીન ઈસ્લાહી (રહ.)એ 'તયસ્સિરુલ કુર્આન'ના નામથી કુર્આન-મજીદની 'તફસીર' (વિવરણ, સમજૂતી)નો સિલસિલો શરૂ કર્યો હતો. તેના અસલ સંમુખ બિનમુસ્લિમો હતા. મૌલાનાએ સૂરઃ બકરહની તફસીર પૂરી કરી. તેના અગાઉ પહેલા પારા (અધ્યાય)નો હિન્દીમાં અનુવાદ પણ કરવામાં આવ્યો. પરંતુ કેટલાક કારણોસર આ સિલસિલો ચાલુ ન રહી શક્યો. ત્યારબાદ મૌલના મુહમ્મદ યૂસુફ સાહેબ (રહ.)ના નેતૃત્વ-કાળમાં કુર્આન-કરીમના જુદી-જુદી ભાષાઓમાં અનુવાદોની યોજના તૈયાર કરવામાં આવી અને અલહમ્દુલિલ્લાહ (અલ્લાહનો આભાર), આ કામ મૌલાના મુહમ્મદ સિરાજુલ હસન સાહેબની ઈમારતમાં પૂરું થયું. આ જમાઅતની અદ્ભુત સેવા અને દા'વતના કાર્યનો સૌથી આવશ્યક ભાગ છે. તે પછી ઈ.સ. ૧૯૫૮ માં સાપ્તાહિક 'કાન્તિ' શરૂ કરવામાં આવ્યું. તેના હેતુઓમાં પણ એક મુખ્ય હેતુ દેશબંધુઓની સામે ઈસ્લામનો પરિચય હતો. તેની સાથે જો તમે એ વિશાળ સાહિત્યને પણ નજર સામે રાખો, જે હિન્દી અને પ્રાદેશિક ભાષાઓમાં દેશબંધુઓને સામે રાખીને તૈયાર કરવામાં અને પ્રકાશિત કરવામાં આવ્યું છે, તો તમને ખુશી અને સંતોષની લાગણી જરૂર થશે. તેમ છતાં એ હકીકત છે કે બિનમુસ્લિમોમાં ઈસ્લામની દા'વત અને પ્રસારના ક્ષેત્રમાં જેટલું કામ થવું જોઈતું હતું, તે નથી થઈ શક્યું. તેના અલગ-અલગ કારણો અને પરિબળો છે. તમે જાણો છો કે જમાઅતનો શરૂઆતનો તબક્કો કસોટીઓ અને મુશ્કેલીઓનો તબક્કો હતો. અમારી જે કંઈપણ મર્યાદિત માનવ-શક્તિ હતી, સરકાર તેને પોતાના માટે જોખમ સમજતી હતી. જમાઅતના લોકો, વિશેષ રૂપે તેમનાં નેતૃત્વને ઘણી વખત કેદ અને જેલના તબક્કાઓમાંથી પસાર થવું પડ્યું. તેને લઈને સામાન્ય લોકો પણ જમાઅતથી નજીક આવતા ગભરાતા હતા. સ્વતંત્રતા અને દેશના વિભાજન પછી મુસલમાનોને જે પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો, તે તમારા સામે છે. તે વખતે

તેમના વિશ્વાસને બહાલ કરવો, ભય, ગભરાટ અને બેચેનીના વાતાવરણને બદલવું, તેમને પગભર કરવા એ અમારી સૌપ્રથમ પ્રાથમિકતાઓ હતી. પછી (કોમી) રમખાણોનો અનંત સિલસિલો ચાલી નીકળ્યો. જમાઅતે પોતાના સીમિત સંસાધનોની સાથે રિલીફ અને પુનર્વસનના કાર્યમાં પોતાની તમામ શક્તિઓ ઝોંકી દેવી પડી. બીજી બાજુ દેશમાં જે શૈક્ષણિક સંસ્થાઓ ચાલી રહી હતી, તેમના દ્વારા એક વિશેષ કલ્ચર (પશ્ચિમી સભ્યતા અને હિંદુત્વ કલ્ચર) અમારી નવી પેઢીઓના નાના-નાના મનો-મસ્તિષ્કો પર થોપી દેવાની કોશિશ ચાલી રહી હતી, તેનો સામનો કરવો જરૂરી હતો. આમ, જમાઅતની કોશિશ એ હતી કે આધુનિક શિક્ષણ ધામોમાં શિક્ષણ પ્રાપ્ત કરતા બાળકો શાળાએ જતા પહેલાં 'મકાતિબ' (નાની ઇસ્લામી સંસ્થાઓ) દ્વારા, ન માત્ર દીનની બુનિયાદી વાતોથી વાકેફ થઈ જાય, બલ્કે તેમને પોતાની ઈસ્લામી ઓળખ અને પોતાના ઇતિહાસ અને શરીઅતનું એટલું જ્ઞાન થઈ જાય કે બાહ્ય અસરો તેમના મનો-મસ્તિષ્કને સંમોહિત ન કરી દે. આ મહત્ત્વના અને અનિવાર્ય કાર્યોમાં જમાઅતને પોતાની શક્તિ અને સાધનોનો એક મોટો હિસ્સો લગાવવો પડ્યો. પરંતુ તમે જોશો કે આ પ્રતિકૂળ અને હંગામી સંજોગોમાં પણ દા'વતના ક્ષેત્રમાં કામ તો થતું રહ્યું. ખાસ વાત એ છે કે આ ક્ષેત્રમાં કામ કરવાવાળા લોકો તૈયાર કરવામાં આવ્યા, એ રીતે કે તેમને આધુનિક વિચારો અને દૃષ્ટિકોણોનું જ્ઞાન હોય અને તેના સાથે-સાથે તેઓ દેશબંધુઓના ધર્મો અને તેમના પુસ્તકોથી પણ ઓછાવત્તા અંશે માહિતગાર હોય. અલહમ્દુલિલ્લાહ, હવે અમે એ સ્થિતિમાં છીએ કે પોતાના સંસાધનોનો એક નોંધપાત્ર હિસ્સો આ કામમાં લગાવી શકીએ. ઇન્શાઅલ્લાહ (જો અલ્લાહે ઇચ્છ્યું તો) આ ક્ષેત્રમાં આયોજનબદ્ધ રીતે કાર્ય આગળ વધશે.

### (૩) દેશની સમસ્યાઓ :

અમે કેટલીક સમસ્યાઓ પ્રાથમિકતાના ધોરણે અમારા હાથમાં લઈશું, જેનાથી એક તરફ ઈસ્લામનો દૃષ્ટિકોણ દેશવાસીઓ સામે આવી શકે અને બીજી તરફ તે દેશની ખૂબ મોટી સેવા પણ હશે. ઉદાહરણાર્થ, દેશમાં જે વર્ગીય સંઘર્ષ અને જાતિ-જ્ઞાતિ પર આધારિત શોષણની વ્યવસ્થા છે, તેને અમે સાચું નથી સમજતા. તેને સમાપ્ત કરવાની અમે યથાસંભવ કોશિશ કરીશું. રાજ્યો દરમ્યાન જે પ્રાદેશિક ખેંચતાણ છે, ભાષાકીય અને વંશીય નફરત છે, તેને અમે દેશ માટે ઘાતક ઝેર સમજીએ છીએ. અમે મનુષ્યને મનુષ્યની હેસિયતે જોઈએ છીએ, સામાજિક રીતે કોઈ સામાન્ય વ્યવસાય અપનાવવા માટે કોઈ માનવીને ન નીચ સમજીએ છીએ અને ન કોઈને બ્રાહ્મણના ઘરમાં પેદા થઈ જવાથી ઉચ્ચ અને શ્રેષ્ઠ. એ જ પ્રમાણે એક પ્રોફેસર અને એક મેહતર (ઝાડુ વાળનાર) વચ્ચે જ્ઞાન અને વિદ્યાનો ફરક તો હોઈ શકે છે, પરંતુ માનવીની હેસિયતે બંને સમાન છે. અમારી દૃષ્ટિએ માનવી હોવાની હેસિયતે કોઈ ઊંચ અને કોઈ નીચ નથી. આ

દષ્ટિકોણને ભારપૂર્વક અમે દેશવાસીઓની સામે પ્રસ્તુત કરીશું અને વંશ અને જાતિના આધારે ઉચ્ચ અને શ્રેષ્ઠ તથા શરીફ (સભ્ય) અને નીચના જે મનઘડંત-કૃત્રિમ માપદંડો નિર્ધારિત કરી લેવામાં આવ્યા છે, અમે તેને ધ્વસ્ત કરી દેવા માગીએ છીએ. ગરીબી અને નિર્ધનતા પણ એક મોટી સમસ્યા છે, જે અત્યારે દેશના સામે છે. તમામ પ્રકારની પ્રગતિ છતાં દેશની આબાદીનો મોટો ભાગ ગરીબી રેખાની નીચે જીવન વિતાવી રહ્યો છે. આ કોઈ એક વ્યક્તિ કે સમૂહનું નુકસાન નથી, બલ્કે સમગ્ર દેશનું નુકસાન છે. એ વાત સ્પષ્ટ રૂપે પૂરી તાકાતથી તમામ દેશવાસીઓ સામે આવવી જોઈએ કે દરેક વ્યક્તિની રોજી-રોટીનો પ્રબંધ કરવો સરકારની જવાબદારી છે. આ જ પ્રકારના કેટલાક પાયાના પ્રશ્નોને જમાઅત પોતાની પ્રાથમિકતાઓમાં સામેલ કરશે.

**(૪) મિલ્લતની સમસ્યાઓ :**

ભારતમાં એક અબજ દસ કરોડની વસ્તી છે. મુસલમાનો પંદર ટકા છે અને તેમની સમસ્યાઓ અસંખ્ય છે. તેમનાં જાન અને માલ, ઈજ્જત અને આબરૂ તેમજ સાંસ્કૃતિક ઓળખની સુરક્ષાની સમસ્યા, રમખાણોના ભોગ બનવાથી સુરક્ષાની સમસ્યા, શિક્ષણની સમસ્યા, આર્થિક સમસ્યા, તેમના ઉચિત પ્રશિક્ષણની સમસ્યા અને નૈતિક હેસિયતે તેમને ઉપર ઉઠાવવાની સમસ્યા. મારું માનવું છે કે જમાઅત આ તમામ સમસ્યાઓને સરખી ગણીને ઉપાડી નથી શકતી. તેથી અમુક સમસ્યાઓની પસંદગી કરીને તેમાં પોતાની શક્તિઓ લગાવવા જોઈએ. 'શૂરા' (પરામર્શ સમિતિ) સામાન્ય રીતે આ સમસ્યાઓનું નિર્ધારિણ કરે છે. એ જ પ્રમાણે મારો અહેસાસ એ પણ છે કે આ તમામ સમસ્યાઓને એકલી જમાઅતે ઈસ્લામી હલ નથી કરી શકતી. તેમાં તે બીજી સંસ્થાઓની સાથે સહયોગ અને સંકલન કરતી રહી છે અને ભવિષ્યમાં પણ તેનો સહયોગ ચાલુ રહેશે. મુસલમાનોના ઘણાં પ્રશ્નો એ છે, જેના ઉકેલનો સંબંધ સરકારથી છે. જમાઅત સરકારનું ધ્યાન દોરશે કે તે તેના ઉકેલ માટે પગલાઓ ભરે. ઉમ્મત (મુસ્લિમ સમાજ)નો એક મહત્ત્વનો પ્રશ્ન તેનું દીની અને નૈતિક પ્રશિક્ષણ છે. તેના તરફ જમાઅતનું ધ્યાન રહ્યું છે, પરંતુ હજુ વધારે ધ્યાન આપવાની જરૂર અનુભવાય છે.

# સંસાધનોની અસમાન વહેંચણી અને આર્થિક અસમાનતા વિશે જમાઅતનો મત

આ સંદર્ભમાં એક રૂપરેખા તો એ છે, જે સામ્યવાદે પ્રસ્તુત કરેલ છે. ઇસ્લામનો દૃષ્ટિકોણ તેનાથી વિપરીત છે. તેની દૃષ્ટિએ વ્યક્તિ જાયઝ (ઉચિત અને કાયદેસર) માધ્યમોથી આર્થિક પ્રગતિ કરી શકે છે. પરંતુ તેના માટે બીજાઓના હક્કોના હનન અને તેના શોષણની કોઈપણ વ્યક્તિને કોઈપણ સ્થિતિમાં પરવાનગી આપતો નથી. આ મામલામાં સરકાર જો વંચિત અને પીડિત વર્ગો, જેમ કે મજૂરો અને કારીગરો, ખેતીના માલિકો કે ગણોતિયાઓ, ખેડૂતો અને મોટા જમીનદારો વગેરેના અધિકારોની સુરક્ષા માટે યોગ્ય કાયદાઓ બનાવે છે, તો અમે તેનું સમર્થન કરીશું. તેના માટે કાનૂન જ પર્યાપ્ત નથી, માહોલ બનાવવાની પણ આવશ્યકતા છે. તેથી, ઇસ્લામ ધનવાન અને સંપન્ન લોકોથી કહે છે કે તમારા ધનમાં જરૂરતમંદો અને વંચિતોનો પણ હક્ક છે. તેના માટે તેણે 'ઝકાત' (અનિવાર્ય ધર્મદાન)ની વ્યવસ્થા આપી છે. તેના સાથે ઇસ્લામની સ્પિરિટ એ છે કે ધનવાન અને ગરીબ લોકોમાં ખૂબ વધારે તફાવત ન હોય. તેના કારણે જ વ્યક્તિના મૃત્યુ પછી તેની સંપત્તિ વારસદારોમાં વહેંચી નાખવામાં આવે છે. મોટા પુત્ર અથવા પત્નીને હસ્તાંતર નથી થતી. એ જ પ્રમાણે ઇસ્લામ સંગ્રહખોરીની પરવાનગી આપતો નથી. તે વ્યક્તિને એ વાતનો પાબંદ બનાવે છે કે રોજગારી કે કમાણી માટે ઉચિત અને કાયદેસર માધ્યમો કે સાધનો અપનાવે. ગેરકાયદેસર અને અનુચિત રીતે ધનસંપત્તિ એકઠી ન કરે.

જ્યાં અમને એવું લાગશે કે કોઈ વિશેષ વર્ગના હિતોને સામે રાખીને પગલાં લેવામાં આવી રહ્યા છે અને સામાન્ય પ્રજાજનોના હિતો પર માર પડી રહી છે, તો તેના વિરુદ્ધ અવાજ ઉઠાવીશું અને જનમત તૈયાર કરીશું. મીડિયા દ્વારા પણ સરકારના ખોટા પગલાઓ પર પ્રભાવિત થવાનો પ્રયાસ કરીશું.

એ વાતમાં કોઈ સંદેહ નથી કે મલ્ટીનેશનલ કંપનીઓના આગમનથી દેશની આર્થિક પરિસ્થિતિ, વિશેષતઃ નાના વેપારો પ્રભાવિત થઈ રહ્યા છે. સમગ્ર અર્થ-

વ્યવસ્થા સમેટાઈને વિદેશી હાથોમાં કેન્દ્રિત થતી જઈ રહી છે. ગરીબની ગરીબીમાં અને ધનવાનોના ધનમાં વધારો થતો જઈ રહ્યો છે. Globalization (વૈશ્વિકરણ) અને Economic Liberalization (મુક્ત અર્થતંત્ર)ને આપવામાં આવતું મહત્ત્વ અને તેનાં પરિણામોની વધારે ઊંડાણપૂર્વક અને ચીવટથી સમીક્ષા કરવાની જરૂર છે. આર્થિક વિશેષજ્ઞો અને મુસ્લિમ સ્કૉલર્સે એક સાથે બેસીને આના પર ચિંતન-મનન કરવું જોઈએ.

## મુસ્લિમ પર્સનલ લૉનો પ્રશ્ન :

ભારતના બંધારણમાં 'શરીઅત એપ્લિકેશન એક્ટ-૧૯૩૭' અન્વયે અહીંના દરેક ધાર્મિક અને સાંસ્કૃતિક જૂથોને પોતાના પર્સનલ લૉ પર અમલ કરવાની સ્વતંત્રતા પ્રાપ્ત છે. જમાઅતે ઇસ્લામી હિંદ ઇચ્છે છે કે તેનો આ અધિકાર સુરક્ષિત રહે. તેથી જ કૉમન સિવિલ કૉડનો તેણે હંમેશા વિરોધ કર્યો છે અને તેને મૂળભૂત અધિકારોમાં હસ્તક્ષેપ ઠેરવેલ છે. ક્યારેક અહીં ન્યાયાલયોથી પર્સનલ લૉ વિરુદ્ધ નિર્ણયો થઈ જાય છે. તેને જમાઅત સાચું નથી સમજતી અને ભારતમાં મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ તરફથી આ પ્રકારના ચુકાદાઓ વિરુદ્ધ ન્યાયિક કાર્યવાહી થતી રહે છે. જમાઅતનો તેને સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત છે. જમાઅતે ઇસ્લામી હિંદ અલગથી પણ શરીઅતની સુરક્ષા માટે પ્રયત્નશીલ છે.

## ઇત્તેહાદે મિલ્લત (મિલ્લતની એકતા) માટે જમાઅતના પ્રયત્નો :

આખી ઉમ્મતની એ વાત માટે સંમતિ જોવા મળે છે કે તેની હરોળમાં એકતા હોવી જોઈએ. પરંતુ વ્યવહારમાં એકતા જોવા મળતી નથી. દરેક પોતપોતાના વર્તુળમાં અલગ-અલગ કામ કરી રહ્યા છે. સાથે મળીને કામ કરવાનો સ્વભાવ નથી. આપણે આ સ્વભાવ પેદા કરવાની કોશિશ કરવી જોઈએ. આ સંદર્ભમાં મારું માનવું એ છે કે જે જમાઅત (સંસ્થા કે સમૂહ), જે ક્ષેત્રમાં અસરકારક સેવા બજાવી રહી છે, તેને તે ચાલુ રાખે અને બીજી જમાઅતો યથાસંભવ તેનો સહયોગ કરે. આમાં માનસિક સંકુચિતતા નહીં, બલ્કે વિશાળહૃદયતા અને ઉદારતા હોવી જોઈએ. જો દરેક જમાઅત એવું ઇચ્છે કે મિલ્લતના તમામ પ્રશ્નોમાં તેનું જ નેતૃત્વ સ્વીકારવામાં આવે, તો આપણા વચ્ચે એકતા મુશ્કેલ હશે. તેના સાથે એ વાતની પણ જરૂરત અનુભવાઈ રહી છે કે મુસલમાનોની જમાઅતો અને સંસ્થાઓ વચ્ચે સલાહ-મશ્વરો થતો રહેવો જોઈએ અને પ્રયત્ન કરવામાં આવે કે આપણા પગલાઓ સંયુક્ત હોય. અલ્લાહે ઇચ્છ્યું તો જમાઅત આ દિશામાં આગળ વધીને કામ કરશે.

## ભારતના મુસલમાનોનું શૈક્ષણિક પછાતપણું દૂર કરવાનાં પગલાં :

એ વાતમાં કોઈ સંદેહ નથી કે ભારતના મુસલમાનો શૈક્ષણિક રીતે ખૂબ વધારે

પછાત છે. જો કે પછાતપણાનો ગ્રાફ દરેક રાજ્યમાં એક સરખો નથી. ઉદહરણાર્થ, દક્ષિણ ભારતના મુસલમાનો શૈક્ષણિક રીતે પ્રમાણમાં વધારે સારી સ્થિતિમાં છે. અમારી કોશિશ હશે કે ઉત્તર ભારતના મુસલમાનો પણ શિક્ષણના ક્ષેત્રે આગળ આવે. આ સંદર્ભે જમાઅત શૈક્ષણિક વિકાસ માટે જ્યાં એક તરફ પોતાના સ્તરે પ્રયત્ન કરી રહી છે, ત્યાં બીજી તરફ તે સામાન્ય મુસલમાનોને પણ આના માટે તૈયાર કરી રહી છે. શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના, ઉપરાંત જમાઅતે મુસલમાનોના સંચાલન હેઠળ ચાલતી સંસ્થાઓ માટે, ન કેવળ એક સંતુલિત અભ્યાસક્રમ તૈયાર કર્યો છે, બલ્કે પ્રાથમિક અને માધ્યમિકનાં વર્ગો માટે પાઠ્ય-પુસ્તકો પણ તૈયાર કર્યા છે. જમાઅતે દેશના વિભિન્ન પ્રદેશોમાં શૈક્ષણિક જાગૃતિના અભિયાનો ચલાવ્યા છે. તેનાં સારા પરિણામો સામે આવી રહ્યા છે. તેના સાથે-સાથે જમાઅત દીની તાલીમ (ધાર્મિક શિક્ષણ)ના પ્રસાર માટે પણ પ્રયત્નશીલ છે. તેના સંચાલન હેઠળ દીની તાલીમની સંસ્થાઓ પણ કાર્યરત છે. આ સંદર્ભમાં વધારે ઉપાયો, ઈન્શાઅલ્લાહ, કરવામાં આવશે.

## દેશમાં ઈસ્લામ, મુસલમાનો અને ઈસ્લામી તેહરીકો સામે પડકારો અને સાચી કાર્ય-પદ્ધતિ :

એમાં કોઈ શંકા નથી કે આ દેશમાં ઈસ્લામ, મુસલમાનો અને ઈસ્લામી તેહરીકો (સંગઠનો)ની સામે ઘણાં પડકારો છે. તેનો ખૂબ જ બુદ્ધિમત્તા અને વિવેકશીલતાથી સામનો કરવો પડશે.

આ સંદર્ભમાં એક નિવેદન તો એ છે કે જો કોઈ એમ સમજે છે કે તે શક્તિના જોરે આનો સામનો કરી શકે છે, તો તે મોટી ગેરસમજમાં ગ્રસ્ત છે. બીજી વાત એ કે એક પ્રજાતાંત્રિક દેશમાં જ્યાં તમને દા'વત અને તબ્લીગ (ઈસ્લામનું આમંત્રણ અને પ્રચાર) તથા પોતાની વાત પ્રસ્તુત કરવાનો અધિકાર પ્રાપ્ત હોય, તો શક્તિના ઉપયોગનું કોઈ ઔચિત્ય નથી. હાલ તમે બે રીતે તેનો સામનો કરી શકો છો : એક વૈચારિક ક્ષેત્રે અને બીજો નૈતિક ક્ષેત્રે. ભારતમાં ટકરાવ અને ઘર્ષણનો માર્ગ અપનાવવું સખત નુકસાનનું કારણ હશે.

## ઉર્દૂ ભાષાનો પ્રશ્ન:

ઉર્દૂ ભારતના કેટલાક રાજ્યોની બીજા ક્રમની સરકારી ભાષા છે. તે ભારતની એક મોટી આબાદીની માતૃભાષા છે. બિનમુસ્લિમોની પણ એક નોંધપાત્ર આબાદી ઉર્દૂ બોલે છે. મુસલમાનોની ખૂબ મોટી દીની ધરોહર પણ આ ભાષામાં છે. ઉર્દૂ ભાષાનું માધુર્ય, મીઠાશ અને પ્રભાવને દેશના મોટાભાગના લોકો સ્વીકારે છે. તેથી ઉર્દૂ ભાષાનું

અસ્તિત્વ, સુરક્ષા અને તેનો પ્રસાર જરૂરી છે. અમે એ વાતનું સમર્થન કરીએ છીએ, બલ્કે તેની માગણી પણ કરીએ છીએ કે દરેક બાળકને તેની માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ મળવું જોઈએ. તે ન તો કોઈ રીતે મુસલમાનોને પછાત બનાવી રહી છે અને ન બેરોજગાર, બલ્કે તેના વિકાસ અને આગળ વધવામાં સહયોગી અને મદદરૂપ બની રહી છે. એ પણ જોવામાં આવ્યું છે કે પબ્લિક સર્વિસ કમિશનની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કેટલાક વિદ્યાર્થીઓ ઉર્દૂ ભાષાને વિશેષ રૂપે પસંદ કરે છે, તેના પરિણામે તેમને પ્રાપ્ત થતા ક્રમાંકોમાં નોંધપાત્ર વધારો થાય છે. તેના સાથે અંગ્રેજીને અભ્યાસક્રમનું અનિવાર્ય અંગ હોવું જોઈએ, એટલા માટે કે ઉચ્ચ શિક્ષણનું માધ્યમ સામાન્ય રીતે અંગ્રેજી ભાષા છે. તેથી એવી પદ્ધતિ અનિવાર્યપણે તૈયાર કરવી જોઈએ કે જે બાળક ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માગે, તે અંગ્રેજીમાં નબળો હોવાને લીધે પાછળ ન રહી જાય.

## સચ્ચર કમિટીના પ્રકાશમાં જમાઅતની ભાવિ કાર્ય-યોજના :

સચ્ચર કમિટીના અહેવાલમાં મુસલમાનોની જે પરિસ્થિતિનો ઉલ્લેખ છે, બીજી કેટલીક કમિટીઓ પણ એ પ્રકારનો ઉલ્લેખ પોતાના અહેવાલોમાં કરતી રહી છે. સ્વયં મુસલમાનોએ વારંવાર સરકારનું આ તરફ ધ્યાન દોર્યું છે, પરંતુ સરકારે જ બનાવેલ સચ્ચર કમિટીએ આંકડાઓ દ્વારા જે વિગતો ઉપલબ્ધ કરી છે, તે સ્વયં સરકારની આ મામલામાં નિષ્ફળતાનો ખુલ્લો સ્વીકાર છે, જેનો વિરોધ કોઈ વિરોધી પણ કરી શકતો નથી. જમાઅતે ઇસ્લામી હિંદે દિલ્હીમાં આ સંદર્ભે દેશની ૧૫ અન્ય સંસ્થાઓની સાથે મળીને એક બે દિવસીય વર્કશૉપનું આયોજન કર્યું હતું. આ જ પ્રકારનો એક વર્કશૉપ કોલકાતામાં આયોજિત કરવામાં આવ્યો, જેમાં રીપોર્ટની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ સંદર્ભમાં મુસલમાનોની તમામ દીની અને મિલ્લી સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત કરવાની કોશિશ ચાલુ છે. અમારો પ્રયાસ હશે કે જે હેતુસર સચ્ચર કમિટી નિયુક્ત કરવામાં આવી છે, તે હેતુ પૂરો થાય અને સરકાર પોતાની જવાબદારીઓને સમજે. અમને આનંદ છે કે અમુક બિનમુસ્લિમ સંસ્થાઓ પણ આના માટે કોશિશ કરી રહી છે. આ તમામ પ્રયાસોને સંકલિત કરવાની અને ઉચિત કાર્ય-યોજના બનાવવાની જરૂર છે.

## મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ :

એક લોકશાહી દેશમાં બંધારણની રૂએ દરેક કોમ અને દરેક સમુદાયને પોતાના પર્સનલ લૉ પર અમલની સ્વતંત્રતા પ્રાપ્ત હોય છે. આપણા દેશના બંધારણે પણ આ સ્વતંત્રતા પ્રદાન કરી છે. પરંતુ તેના સાથે તેના માર્ગદર્શક સિદ્ધાંતો (Directive Principles)માં એ પણ કહેવામાં આવ્યું છે કે દેશને કૉમન સિવિલ કોડ તરફ આગળ

વધવું જોઈએ. આ વાત વિશેષ રૂપે મુસલમાનો માટે અસ્વીકાર્ય છે. તેથી જમાઅતના ઈ.સ. ૧૯૫૬ માં આયોજિત કાર્યક્રમનો એક મુખ્ય મુદ્દો એ હતો કે પર્સનલ લૉમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કરવામાં ન આવે. બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી કોમન સિવિલ કોડની કલમ કાઢી નાખવામાં આવે અથવા ઓછામાં ઓછું મુસલમાનોને તેનાથી બાકાત રાખવામાં આવે. આ જ પ્રકારની પશ્ચાદભૂમિમાં 'મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ' અસ્તિત્વમાં આવ્યું. ઈ.સ. ૧૯૭૨ માં તેની પ્રથમ સભા મુંબઈમાં યોજાઈ. આ લેખક પણ તેમાં હાજર હતો. તે વખતે બોર્ડની એ સૌપ્રથમ સભામાં ભાગ લેનારાં લોકોમાંથી આજે અમુક જ લોકો હયાત છે. આ મુદ્દા પર ઉમ્મત (મુસ્લિમ સમાજ)માં જેટલી એકતા જોવા મળી, દેશના વિભાજન પછી કોઈ અન્ય મુદ્દા પર આ પ્રકારની એકતા જોવા મળી નથી. અત્યારે પણ મારું માનવું છે કે આ મુસલમાનોનું સંયુક્ત ફોરમ છે અને જુદા-જુદા મામલાઓમાં તેણે જે પગલાઓ લીધા છે, તેમાં સામાન્ય રીતે મુસલમાનોનો સહયોગ પ્રાપ્ત રહ્યો છે. આ બોર્ડની સ્થાપનામાં જમાઅતે ઈસ્લામી હિંદની મુખ્ય ભૂમિકા રહી છે અને દરેક પ્રસંગે તેણે તેના સાથે સહયોગ કર્યો છે. આ સંસ્થાને વધારેમાં વધારે ક્રિયાશીલ, ગતિશીલ થવા માટે જરૂર છે કે તમામ જમાઅતો (અને સંસ્થાઓ)નું તેમાં એ રીતે પ્રતિનિધિત્વ હોય કે કોઈપણ જૂથને એ વાતનો અહેસાસ ન થાય કે તેની અવગણના કરવામાં આવી રહી છે. આ ઉમ્મતનું એક મોટું સંયુક્ત ફોરમ છે. તેના સાથે જમાઅતનો સહયોગ ઈન્શાઅલ્લાહ, હંમેશા ચાલુ રહેશે.

## ભારત-પાકિસ્તાન સંબંધો :

ભારત અને પાકિસ્તાન, ન કેવળ પાડોશી દેશો છે, બલ્કે બંને દરમ્યાન ઘણીબધી વસ્તુઓ સમાન છે. બંનેનો ભૂતકાળ એક જ છે, બંને દેશો દરમ્યાન સામાજિક સંબંધો છે, સરહદની બંને બાજુ ઘણાંબધા તૂટેલાં અને વેરવિખેર પરિવારો આબાદ છે, તેથી બંને દેશો દરમ્યાન ઇષ્ટ અને સારા-સહમતિસૂચક અને સકારાત્મક સંબંધો હોવા અનેક રીતે સમયની મહત્ત્વની જરૂરત છે. અત્યારે બંને દેશો વચ્ચે વિશ્વાસની બહાલી માટે જે ઉપાયો કરવામાં આવી રહ્યા છે, તેને અમે પ્રશંસનીય ગણીએ છીએ અને બિરદાવીએ છીએ, ચાહે તે માર્ગોના ખોલવાના હોય કે વેપારી સંબંધોને વધારે બહેતર બનાવવાના, સરહદી વિવાદોને ઓછા કરવાના હોય કે બીજી કોઈ બાબતોના. તેના સાથે જમાઅતનું એ સ્ટેન્ડ (મત) છે કે બંને વચ્ચે વિવાદાસ્પદ બાબતોને વાતચીત અને સંવાદ દ્વારા જ ઉકેલવી જોઈએ.

## જમાઅતે ઈસ્લામી હિંદ અને કશ્મીરનો પ્રશ્ન :

કશ્મીરના પ્રશ્નના સંદર્ભમાં જમાઅતનું સ્ટેન્ડ ખૂબ જ સ્પષ્ટ અને ચોખ્ખું છે.

જમાઅત પ્રથમ દિવસથી એવું કહી રહી છે કે આ પશ્નનો ઉકેલ પરસ્પરની વાતચીત અને સંવાદથી લાવવો જોઈએ. આ હલ એવો હોવો જોઈએ, જે ભારત અને પાકિસ્તાનની સાથે કશ્મીરી પ્રજા માટે પણ સ્વીકાર્ય હોય; નહિં તો જે હલ પણ પ્રસ્તાવિત કરવામાં આવશે, તે દીર્ઘકાલીન અને સ્થાયી નહીં હોય. જમાઅત આ પ્રશ્નમાં પક્ષકારોમાંથી કોઈના માટે પણ બળપ્રયોગને લાભદાયક સમજતી નથી. આ પ્રશ્ન પર બંને દેશો વચ્ચે ત્રણ-ત્રણ યુદ્ધો થઈ ચૂક્યા છે, જે અનિર્ણિત રહ્યા અને હવે તો બંને દેશો પરમાણુ શસ્ત્રો ધરાવે છે. જો, અલ્લાહ ન કરે, યુદ્ધ થયું, તો તે વધારે વિનાશક હોઈ શકે છે.

# વૈશ્વિક સ્તરે ઉમ્મતે મુસ્લિમાની સૌથી મોટી સમસ્યા અને તેનો ઉકેલ

મારી દૃષ્ટિએ અત્યારે ઉમ્મતે મુસ્લિમાની સામે જે સૌથી મોટો પડકાર છે, તે એ છે કે તેની છબી ખોટા અને ઘૃણાસ્પદ પ્રોપેગન્ડા દ્વારા એટલી વિકૃત કરી નાખવામાં આવી છે કે કોઈપણ વ્યક્તિને મુસ્લિમ સમાજના નજીક આવવામાં દ્વિધા અને સંકોચ થાય છે. એવું લાગે છે કે ઉમ્મતનો દરેક વ્યક્તિ આતંકવાદી અને ખૂનખાર છે અને આખી દુનિયાને તેનાથી ખતરો છે. જો તે આતંકવાદી નથી, તો તેણે પોતે સભ્ય નાગરિક છે એવો પુરાવો આપવો પડશે. આનું એક પાસુ તો એ છે કે, આમ તો વાત મુસલમાનો વિશે થાય છે, પરંતુ ઇસ્લામી શિક્ષાઓ તથા વ્યક્તિ અને સમાજ ઉપર તેની અસરો ટીકાનું અસલ લક્ષ્ય બની જાય છે. જાણે ઇસ્લામે જ હિંસક અને વિધ્વંસક માનસને જન્મ આપ્યો છે. આટલા મોટા પ્રમાણમાં અને આટલી યોજનાબદ્ધ રીતે આટલી મોટી ઉમ્મતની બદનક્ષી અને ચરિત્રહનન કદાચ આનાથી પહેલાં કોઈનું નથી થયું. એ વાત તદ્દન સ્પષ્ટ છે કે આ બધું જ ઘૃણિત રાજકીય અને આર્થિક સ્વાર્થોની પૂર્તિ માટે કરવામાં આવી રહ્યું છે. અફઘાનિસ્તાન, ઇરાક, ફલસ્તીન (પેલેસ્ટાઈન) અને લેબનોન તેનો સ્પષ્ટ પુરાવો છે. હવે ઈરાન અને સીરિયાના સંદર્ભમાં આવું જ કંઈક થઈ રહ્યું છે. એમાં કોઈ શંકા નથી કે પશ્ચિમના આ આક્રમક અને ઘૃણાસ્પદ વર્તનનો મુસલમાનો તરફથી ક્યારેક-ક્યારેક જવાબ આપવામાં આવે છે અને સ્વયં પશ્ચિમમાં પણ તેના પર આલોચના થાય છે. પરંતુ આ અવાજ મુસ્લિમ-દુશ્મનીના શોરબકોર અને કોલાહલ વચ્ચે દબાઈને રહી જાય છે. બદનક્ષીના આ નિરંતર પ્રોપેગન્ડાની બૂરાઈમાં ભલાઈનું પાસુ પણ છે; તે એ છે કે ઘણાં વિચારશીલ મનમાં ઇસ્લામ એક પ્રશ્ન બનીને ઉભરી રહ્યો છે કે ઇસ્લામ છેવટે શું છે ? ખરેખર અમેરિકા અને પશ્ચિમી શક્તિઓ તેનાથી ભયભીત કેમ છે ? આમ, તેના પરિણામે બિનમુસ્લિમ દુનિયામાં કુર્આન તરફ આકર્ષણ પહેલાં કરતાં ખૂબ વધારે ઊભું થઈ ગયું છે અને આજે ધાર્મિક પુસ્તકોમાં તે સૌથી વધારે વંચાઈ રહ્યો છે. ઘણાં લોકોને ઇસ્લામી શિક્ષાઓ એટલી પ્રભાવિત કરી રહી છે કે તેઓ તેના ખોળામાં આવતા જઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં, મારા માનવા મુજબ કરવાના બે કામો છે : એક એ કે ઉમ્મત

પોતાના યથાસંભવ સંસાધનોનો ઉપયોગ કરીને પશ્ચિમના વાંધાઓ તથા બેહૂદા વર્તન અને નિંદનીય કૃત્યોનો દલીલસભર પુરાવો ઉપલબ્ધ કરે. ઉમ્મતમાં એવા લોકો પણ છે, જેઓ તેનો જવાબ આપી શકે છે અને તેઓ એટલા સાધનો પણ ધરાવે છે કે તેમનો અવાજ દૂર સુધી પહોંચી શકે. બીજું કામ જે કરવાનું છે, તે એ છે કે ઉમ્મત પોતાના ચરિત્રથી ઇસ્લામનો નમૂનો પ્રસ્તુત કરે, જેથી દુનિયાને ખબર પડે કે મુસલમાન કોને કહે છે, તેનું વ્યક્તિત્વ અને ચરિત્ર કેવું હોય છે, તે કેવો પાડોશી હોય છે, કેવો નાગરિક હોય છે, તેની સભ્યતા અને રહેણી-કરણી કેવી હોય છે, વિરોધીઓની સાથે તે કેવું વલણ અપનાવે છે. આનાથી વ્યવહારિક રીતે એ પ્રોપેગન્ડાનું ખંડન થઈ જશે, જે મુસલમાનોના સંદર્ભમાં કરવામાં આવી રહ્યો છે.

## આંતરરાષ્ટ્રીય ઇસ્લામી તેહરીકો સાથે જમાઅતના સંબંધો :

એમાં કોઈ સંદેહ નથી કે મુસ્લિમ દેશોમાં, બલ્કે દુનિયામાં ઇસ્લામની દા'વતની લગન જોવા મળે છે અને ઇસ્લામના પુનરુત્થાનની કોશિશો પણ થઈ રહી છે, પરંતુ દરેક તેહરીકની કાર્ય-પદ્ધતિ પોતાની પરિસ્થિતિ અનુસાર એક-બીજાથી ભિન્ન છે. ભારતમાં જમાઅતે ઇસ્લામી હિંદ સૈદ્ધાંતિક રીતે ઇસ્લામનું આમંત્રણ અને તેની સ્થાપનાનું કાર્ય કરવા માગે છે અને તેના માટે તે નૈતિક અને બંધારણીય કાર્યશૈલીની પાબંદી જરૂરી સમજે છે. તે કોઈ એવો રસ્તો અપનાવવાનું સાચું નથી સમજતી, જે દેશમાં બગાડ અને અરાજકતાનું કારણ બને. તેથી ઇસ્લામની દા'વત અને તબ્લીગ (આમંત્રણ અને પ્રચાર) તથા તેની સર્વોપરિતા માટે જે પણ પ્રયાસો દુનિયામાં કરવામાં આવી રહ્યા છે, તેને સન્માનની નજરથી જોઈ રહી છે, તેમ છતાં જમાઅતનો પોતાનો નિર્ધારિત રસ્તો છે. ઇસ્લામની દા'વત અને તેનાથી સંબંધિત બાબતો પર જે વાંધાઓ ઉઠાવવામાં આવી રહ્યા છે, તેને દૂર કરવાના જે વ્યવહારિક અને વૈચારિક પ્રયત્નો થઈ રહ્યા છે, એકી સાથે તમામથી ફાયદો ઉઠાવવા ચાહે છે. આમ તો જમાઅતને જુદી-જુદી ઇસ્લામી તેહરીકોથી સંબંધોની ઓછી તકો મળતી હોય છે. જમાઅત ઇચ્છે છે કે જ્યારે પણ તેની તક મળે, તેનાથી લાભ લેવામાં આવે અને એક-બીજાની સાથે વિચારોના આદાન-પ્રદાનનો સિલસિલો ચાલુ રહે. તેમનાં પ્રયત્નો પ્રત્યક્ષ રૂપે આપણા સામે આવે અને આપણી કાર્ય-પદ્ધતિથી પણ તેઓ વાકેફ થાય.

## દેશની વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં જમાઅતના પ્રયાસો :

સૌપ્રથમ એ વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે જમાઅત ચૂંટણીઓમાં સ્વયં પ્રત્યક્ષ રૂપે ભાગ નથી લેતી, અર્થાત્ તે પોતાના ઉમેદવારો ઊભા કરતી નથી. અલબત્ત, ઇસ્લામ અને મુસલમાનોના હિતો માટે સંસદ અને રાજ્યોની ચૂંટણી પર યોજનાબદ્ધ

રીતે પ્રભાવિત થવાની કોશિશ કરે છે. તેણે એ વાતનો પણ પ્રયત્ન કર્યો છે કે મુસલમાનોની જે જમાઅતો (પક્ષો) ચૂંટણીમાં ભાગ લઈ રહી છે, તે સંગઠિત થઈને મિલ્લત અને દેશના હિતોને સામે રાખે. તેના પરિણામે કેટલાક રાજ્યોમાં ચૂંટણીઓમાં મુસલમાનોના માર્ગદર્શન માટે સંયુક્ત પ્લેટફોર્મ ઊભા થયા.

## ચૂંટણીઓમાં ભાગ લેવા કે ન લેવાનો પ્રશ્ન :

ઈસ્લામના અકીદા (આસ્થા)નું એક આધારભૂત અંગ એ છે કે વાસ્તવિક કાનૂન ઘડનાર કેવળ અલ્લાહતઆલા છે અને માનવી માટે કાનૂન આપવાનો અધિકાર પણ કેવળ અલ્લાહતૂઆલાને જ પ્રાપ્ત છે. મનુષ્યનું સમગ્ર જીવન તેના જ આધીન હોવું જોઈએ. આપણે ઈબાદતો અને નૈતિકતા, સભ્યતા અને સમાજ, કાનૂન અને રાજકારણ એમ જીવનના દરેક વિભાગમાં તેના જ આજ્ઞાંકિત બનીને રહીએ. આ મુદ્દા પર જમાઅતમાં ક્યારેય કોઈ મતભેદ નથી રહ્યો, અને અત્યારે પણ તેને એકમતિ પ્રાપ્ત છે. અમારી એ વાત પર પણ સહમતિ છે કે ઈસ્લામથી જ દુનિયાની સમસ્યાઓનું નિવારણ થઈ શકે છે, માનવીને ન્યાય અને સમાનતા મળી શકે છે, તે સફળ જીવન વિતાવી શકે છે અને તે આખિરત (પરલોક)માં સફળતા અને શ્રેષ્ઠતાને વરી શકે છે. પરંતુ આ વાત પણ હજુ પૂરેપૂરી સ્પષ્ટતા સાથે અને વિગતવાર આ દેશની સામે આવી શકી નથી. તેને સંપૂર્ણ સ્પષ્ટતાની સાથે દેશની સામે પ્રસ્તુત કરવા માટે અહીં લોકશાહીનું અસ્તિત્વ આવશ્યક છે. લોકશાહીનો મૂળભૂત સિદ્ધાંત આચાર-વિચારની સ્વતંત્રતા છે. આમાં દરેક વ્યક્તિને પોતાની આસ્થા અને શ્રદ્ધા અનુસાર અમલ કરવાનો અને તેનો પ્રચાર કરવાનો અધિકાર મળી રહે છે. પ્રજાતાંત્રિક માહોલમાં તમામ પ્રચલિત સાધનો-માધ્યમોથી કામ લઈને પોતાની વાત કહી શકાય છે. આપણા દેશમાં એવા બળો જોવા મળે છે, જેઓ લોકશાહીને સમાપ્ત કરીને એક વિશેષ સંસ્કૃતિ અને વિચારધારાને આખા દેશમાં થોપી દેવા માગે છે, જેમના સત્તાસ્થાને પહોંચવાની સ્થિતિમાં ઈસ્લામી શિક્ષાઓ પર અમલ અને તેના પ્રચાર અને પ્રસારની તકો કદાચ બાકી ન રહે. તેથી અત્યંત જરૂરી છે કે તેમનું વજન ઓછું થાય અને સત્તાની લગામ તેમના હાથોમાં ન હોય. આ દેશમાં બે પ્રકારની રાજકીય શક્તિઓ વ્યવહારિક રીતે કામ કરી રહી છે. એક એ જે કહે છે કે ભારતના દરેક નાગરિકને તેના મૂળભૂત અધિકારો પ્રાપ્ત હોય. બીજી એ, જે ચાહે છે કે અમુક લોકોને આ અધિકારો પ્રાપ્ત હોય અને અમુક તેનાથી વંચિત રહે. આપણી કોશિશ હોવી જોઈએ કે રાજકીય મેદાનમાં એવા લોકો આગળ ન આવે, જેઓ કોઈપણ વર્ગના અધિકારો છીનવી લેવા માગે છે. આ દૃષ્ટિકોણ હેઠળ જમાઅતે ચૂંટણીઓમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો છે. તેની સાથે-સાથે એ લોકો પણ છે, જેઓ સમજે છે કે અલ્લાહ શરીઅત આપનાર અને કાનૂન બનાવનાર છે, બીજા કોઈ વ્યક્તિ કે સમૂહને કાનૂન બનાવવાનો અધિકાર નથી. તેથી

તેમની દૃષ્ટિએ કોઈને કાનૂન ઘડવાના સ્થાને પહોંચાડવા ઉચિત અને સાચું નથી. આ પાસાથી તમે જોશો અને અનુભવશો કે આપણા વચ્ચે અસલ મુદ્દામાં કોઈ મતભેદ નથી. ફક્ત જરૂરત અને સંજોગોને કારણે અમુક લોકો વર્તમાન ચૂંટણી વ્યવસ્થાથી ફાયદો ઉઠાવવામાં વાંધો નથી સમજતા અને અમુક લોકો અકીદાની રૂએ તેનાથી દૂર રહેવા માગે છે. આ વિષય પર અમારા દરમ્યાન અભિપ્રાય અનુસાર અમલ થાય છે. એ વાત નજર સામે રહે કે જમાઅત દેશ અને મિલ્લતના હિતમાં એ વ્યક્તિઓ અને પક્ષોને સમર્થનનો નિર્ણય કરતી રહી છે, જેઓ લોકશાહી મૂલ્યોના વાહક તથા ઇસ્લામ અને મુસલમાનોના પ્રશ્નોથી સહાનુભૂતિ રાખે છે. આને એક દીની અને મિલ્લી જરૂરત સમજવામાં આવેલ છે. તેણે સંસદીય ચૂંટણીમાં વિધિસર ભાગ લેવાનો નિર્ણય નથી કર્યો.

જ્યાં સુધી લોકલ બૉડીઝ (સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ)નો સંબંધ છે, તેમાં ભાગ લેવામાં શરીઅત રુકાવટ નથી, એટલા માટે કે અહીં કાનૂન બનાવવામાં આવતા નથી. સામાન્ય લોકોની રોજ-બરોજની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવાની જવાબદારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની હોય છે. આ સામાજિક સેવાનું માધ્યમ પણ છે. તેથી આ પાસાથી જમાઅત આ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા માગે છે.

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીમાં ભાગ લેવાનો નિર્ણય જમાઅતની 'શૂરા' (પરામર્શ સમિતિ)એ ગત સત્રમાં કર્યો હતો, આ નિર્ણય લાગુ છે. આ નિર્ણય પાછળ એ વિચાર કાર્યરત છે કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જનસેવાની સંસ્થાઓ છે. આ સંસ્થાઓમાં જો સારા લોકો પહોંચશે, તો તેઓ વધારે સારી રીતે સેવા કરી શકે છે.

જ્યાં સુધી ચૂંટણી-રાજકારણનો સંબંધ છે, જમાઅતે દેશમાં વધતા જતા કોમવાદ અને ફાસીવાદના વાતાવરણ અને મિલ્લતના હિતને સામે રાખીને ચૂંટણી-રાજકારણ પર પ્રભાવિત થવાનો નિર્ણય કર્યો છે, જેથી એવા લોકો સત્તા-સ્થાને ન આવે, જેઓ લોકશાહી માનસ નથી રાખતા અને જેમનું માનસ ઇસ્લામ અને મુસલમાનો વિશે સાફ નથી, બલ્કે તેમનું વર્તન સરાસર દુશ્મનાવટનું છે અને જેઓ કાયદેસર અને યોગ્ય માગણીઓ પર પણ ધ્યાન આપવા માગતા નથી. આ ઉમ્મતની રાજકીય આવશ્યકતા છે.

ઉપરાંત, કોમવાદ અને ફાસીવાદનો સામનો કરવાની બીજી રીત એ છે કે આવા વર્ગોને 'મદઉ' (જેમને ઇસ્લામનું આમંત્રણ આપી શકાય એવા લોકો) ગણીને દા'વત (ઇસ્લામના આમંત્રણ) દ્વારા તેમના મનો-મસ્તિષ્ક સુધી પહોંચવામાં આવે.

જમાઅતની સામે આ બંનેય રીતો રહી છે. અમે એક તરફ રાજકીય સ્તરે ફાસીવાદનો સામનો કરવા માગીએ છીએ, તો બીજી તરફ અમારું કાર્યક્ષેત્ર જ દા'વત છે

અને દરેક એ વ્યક્તિ 'મદઉ' છે, જેના સુધી ઈસ્લામની શિક્ષાઓ સાચા સ્વરૂપમાં પહોંચી શકી નથી. તેને ઈસ્લામથી વાકેફ કરાવવો આપણી દીની જવાબદારી છે.

જમાઅતે પોતાની આવાહક તરીકેની ભૂમિકાને ભૂલીને ચૂંટણી-રાજકારણને કોમવાદ અને ફાસીવાદના સામનાની એક માત્ર રીત સમજી નથી. તેણે પોતાનું દા'વતી કાર્ય પણ ચાલુ રાખ્યું છે.

## ફાસીવાદ અને કોમવાદ વિરુદ્ધ જમાઅતના પ્રયત્નો :

તમામ કોશિશો છતાં ફાસીવાદી અને કોમવાદી બળોનું જોખમ અત્યારે પણ યથાવત છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના પરિણામો તમારા સામે છે. તેનાથી અગાઉ પંજાબ અને ઉત્તરાંચલમાં પણ આ બળો મજબૂત થયા છે. તેથી આપણે આપણી કોશિશોને વધારે તેજ કરવાની જરૂર છે. અમારી કોશિશ હશે કે દેશમાં લોકશાહી વાતાવારણ બાકી રહે. દેશમાં દરેક વર્ગને આઝાદ અને લોકશાહી માહોલમાં પોતાની વાત કરવાની તક મળવી જોઈએ. ફાસીવાદી અને કોમવાદી બળો આ હક્કને છીનવી લેવા માગે છે. અમે લોકશાહી બંધારણીય રીતો અને કાનૂની સીમાઓમાં રહીને આ બળોનો સામનો કરીશું. ચૂંટણી પણ તેનું એક માધ્યમ હોઈ શકે છે.

## આજના યુગને અનુરૂપ સાહિત્યની જરૂરત :

જમાઅતનું જે બૌદ્ધિક અને વૈચારિક સાહિત્ય છે, તેનું મહત્ત્વ સ્વીકૃત છે. તેણે ઈસ્લામની સાચી અને વિસ્તૃત કલ્પના આપી છે. તેના સંદર્ભમાં દલીલો આપી છે. આધુનિક યુગમાં ઈસ્લામ પર જે વાંધાઓ ઉઠાવવામાં આવે છે, તેનો જવાબ ઉપલબ્ધ કરાવ્યો છે. ઈસ્લામ જે મજબૂત ચરિત્ર અને વ્યક્તિત્વ પેદા કરવા માગે છે, તેની સ્પષ્ટતા કરી, દા'વત અને તેહરીકની ભાવનાને જાગૃત કરી અને એક સુદઢ અને વ્યવસ્થિત તેહરીક ઊભી કરી. આ બધું છતાં એમ નથી કહી શકાતું કે જે કંઈ મોજૂદ છે, તે આપણી જરૂરત માટે પૂરતું છે, અને વધારે સાહિત્યની જરૂર નથી. નવી-નવી જરૂરતો સામે આવતી રહેશે અને પોતાની પૂરિપૂર્ણતાની માગણી કરશે. કોઈ જીવંત તેહરીક આનાથી આંખ આડા કાન કરી શકતી નથી. અત્યારે હું એક ખાસ પાસા તરફ ધ્યાન દોરીશ. આપણા તેહરીકી સાહિત્યમાં વાસ્તવમાં પશ્ચિમના વિચાર અને ફિલસૂફીને નજર સમક્ષ રાખવામાં આવેલ છે અને તેની નબળાઈઓ સ્પષ્ટ કરવા અને ઈસ્લામની સચ્ચાઈને સાબિત કરવાની કોશિશ કરવામાં આવી છે. પરંતુ વર્તમાન યુગમાં ધર્મ એક મહત્ત્વના ફેક્ટરની હેસિયતે ઉભરીને સામે આવી રહ્યો છે. પશ્ચિમમાં ભૌતિકવાદની પ્રતિક્રિયામાં તેની જરૂરતનો અહેસાસ ધીમે-ધીમે ઉભરી રહ્યો છે અને પૂર્વમાં પણ ધર્મના પુનરુત્થાનની ઊંડી ભાવના જોવા મળે છે. તેથી એ વાતની અત્યંત જરૂરત અનુભવાય છે કે આ વિશે

પણ સાહિત્ય ઉપલબ્ધ કરાવવામાં આવે. એમ નથી કહી શકાતું કે અમે આ સંદર્ભમાં કોઈ પ્રયત્ન નથી કર્યો. નિઃસંદેહ, આ અનુસંધાનમાં નોંધપાત્ર પ્રયાસો થયા છે, પરંતુ આ પાસુ વ્યાપક અને ઊંડા અધ્યયનનો તકાદો કરે છે. જરૂરત છે કે આનો હક્ક અદા કરવામાં આવે અને તેના માટે એક આખી ટીમ તૈયાર થાય. આ કામને જમાઅતના તેહરીકી અને દા'વતી કાર્યોમાં એક પ્રકારે પ્રાધાન્યતા પ્રાપ્ત હોવી જોઈએ.

## બૌદ્ધિક અને વૈચારિક ક્ષેત્રે જમાઅતની દૃષ્ટિએ કામ :

જમાઅતના આરંભિક તબક્કામાં રામપુરમાં સાનવી દર્સગાહ (ઇસ્લામી પાઠશાળા) આ જ હેતુસર સ્થાપિત કરવામાં આવી હતી. તેણે, ભલે સીમિત અર્થમાં, અમુક અત્યંત ઉત્તમ દિમાગો અને કાબેલ લોકો જમાઅતને આપ્યા. 'ઇદારા તેહકીક વ તસ્નીફ ઇસ્લામી' (અલીગઢ)ની સ્થાપના પણ આ જ હેતુસર કરવામાં આવી હતી અને તે યથાશક્તિ સેવા આપી રહી છે અને 'ઇસ્લામી એકેડેમી'ની સામે પણ આ જ કામ છે. પરંતુ વિભિન્ન કારણોસર, તેનો હક્ક અદા કરી શકાય એ સ્વરૂપે, અમે આ કામને આગળ વધાવી ન શક્યા. હવે અમારો પ્રયત્ન હશે કે અગાઉથી ચાલી રહેલ સંસ્થાઓને મજબૂત અને સ્થાયી કરવામાં આવે અને જો જરૂર પડે તો વધારે સંસ્થાઓ પણ ઊભી કરી શકાય છે. અમને એ વાતનો અહેસાસ છે કે આધુનિક સમસ્યાઓ અને પડકારોનું જે રીતે વિશ્લેષણ થવું જોઈતું હતું, અમે નથી કરી શક્યા. એ જ રીતે જે કાબેલ ટીમની અમને જરૂર છે, એવી ટીમ પણ અમે હજુ સુધી તૈયાર કરી શક્યા નથી. અમને આજના મુદ્દાઓ અને પ્રશ્નોનો ઊંડાણપૂર્વક અને ગહનતાથી સમીક્ષા કરી શકે એવા લોકો જોઈએ છે. તેના માટે વિધિસર અને યોજનાબદ્ધ પ્રયાસો થવા જોઈએ.

## વર્તમાન યુગમાં નેતૃત્વના ગુણો :

એ વાત નિશ્ચિતપણે સાચી છે કે ઈસ્લામી દૃષ્ટિકોણથી કોઈ મોટા પરિવર્તન માટે જ્યાં કુર્આન અને સુન્નતના જ્ઞાનથી સંપન્ન હોવું આવશ્યક છે, ત્યાં આધુનિક યુગની પરિસ્થિતિ અને તકાદાઓથી વાકેફ હોવું પણ અત્યંત જરૂરી છે. પરંપરાગત આલિમોનો અર્થ જો એવા આલિમો છે, જેઓ આજની પરિસ્થિતિથી તદ્દન અજાણ છે અને એકવીસમી સદીમાં જન્મ્યા હોવા છતાં બૌદ્ધિક અને વૈચારિક રીતે છઠ્ઠી અને સાતમી સદીમાં જીવી રહ્યા છે, તો નિઃશંક તેમના દ્વારા કોઈ મોટા પરિવર્તનની આશા રાખી શકાતી નથી. પરંતુ અલ્લાહનો આભાર છે કે ઉમ્મતમાં એવા આલિમો મોજૂદ છે, જેમની દીન પર ઊંડી નજર છે અને જેઓ વર્તમાન પરિસ્થિતિથી પણ સુમાહિતગાર છે. આ તેહરીક માટે અમને એવા લોકોની જરૂર છે, જેઓ એકી સાથે દીન પર પણ ઊંડી નજર રાખતા હોય અને જમાનાની હાલતથી માહિતગાર અને તેની નાડીને પારખી શકતા હોય.

જમાઅતની એ કોશિશ છે કે આમાં બંને પ્રકારની યોગ્યતાઓ ધરાવતા લોકો મોજૂદ હોય અને તેમાં નિરંતર વધારો થતો રહે.

## અન્ય લઘુમતી જૂથોથી જમાઅતના સંબંધો :

ઈસ્લામનો પરિચય કરાવવા અને મુસલમાનો વિશે ગેરસમજોને દૂર કરવાના હેતુસર જમાઅત દેશના તમામ વર્ગોથી સંબંધો સુદૃઢ કરવા માગે છે અને તેના માટે પ્રયત્નશીલ રહે છે. કટોકટી વખતે જમાઅત અને આર.એસ.એસ.ના લોકો એક સાથે જેલોમાં હતા. ત્યાં સવાર-સાંજ તેમના સાથે રહેવાનુ થયું; વાતચીત અને વિચારોના આદાન-પ્રદાન દ્વારા ઈસ્લામ અને મુસલમાનો વિશે તેમની ગેરસમજો દૂર કરવાની તક મળી. એ જ પ્રમાણે જમાઅત અન્ય લઘુમતી સમુદાયોથી પણ સંપર્કો અને સંબંધો રાખે છે; એટલા માટે કે જમાઅત સમજે છે કે દેશના તમામ વર્ગો સુધી ઈસ્લામની શિક્ષાઓ પહોંચવી જરૂરી છે. એ જ પ્રમાણે જમાઅતનું દૃષ્ટિબિંદુ એ છે કે તમામ દેશવાસીઓને તેમના મૂળભૂત અધિકારો મળવા જોઈએ, જેની બાંહેધરી દેશના બંધારણમાં તમામ નાગરિકોને આપવામાં આવી છે, ચાહે તે કોઈપણ ધર્મ અને કોઈપણ જાતિ-જ્ઞાતિથી સંબંધ ધરાવતો હોય. જો કોઈ લઘુમતી જૂથ કોઈ અધિકારથી વંચિત હશે કે કોઈ તેના પર જુલ્મ કરશે, તો મુસલમાનની હેસિયતથી આપણી જવાબદારી છે કે આ જુલ્મ વિરુદ્ધ અને એ જૂથની હિમાયતમાં અવાજ ઉઠાવીએ. એ પણ જોવામાં આવ્યું છે કે કેટલાક લઘુમતી જૂથો કે સમાજના પીડિત વર્ગો જમાઅત અથવા અન્ય મુસ્લિમ સંસ્થાઓથી માત્ર રાજકીય સ્તરે, રાજકીય મુદ્દાઓમાં અને રાજકીય સ્વાર્થ ખાતર સહયોગ ઈચ્છે છે. તેમને ઈસ્લામ અને તેની શિક્ષાઓથી કોઈ સંબંધ નથી. હું સમજું છું કે એકતાનો આ એક માત્ર આધાર ન હોવો જોઈએ. આપણે તેમને એ પણ બતાવવું જોઈએ કે ઈસ્લામ તેમની સમસ્યાઓ અને મુશ્કેલીઓને કેવી રીતે હલ કરી શકે છે.

## શિક્ષણ અને આર્થિક મામલાઓ તરફ ધ્યાન :

જમાઅત શૈક્ષણિક, આર્થિક અને અન્ય ક્ષેત્રોમાં મુસલમાનોના વિકાસ માટે પ્રયત્નશીલ છે. તેણે અનેક શિક્ષણ-સંસ્થાઓ, હોસ્પિટલો અને આરોગ્ય અને ઈલાજ માટેના કેન્દ્રોની સ્થાપના કરી છે. વિશેષ રૂપે દક્ષિણ ભારતમાં, જ્યાં જમાઅતથી સંલગ્ન લોકોએ સ્થાનિક લોકોની સાથે મળીને શાળાઓ, કૉલેજો અને હૉસ્પિટલો ઊભી કરી છે, જેનાથી મુસ્લિમ અને બિનમુસ્લિમ સૌ ફાયદો ઉઠાવી રહ્યા છે. ઉત્તર ભારતમાં મુસલમાનો શિક્ષણ ક્ષેત્રે પાછળ છે અને શાળા કક્ષાએ ડ્રોપ-આઉટનું પ્રમાણ પણ વધારે છે. મારું માનવું છે કે આપણે મુસલમાનોની સામાજિક અને શૈક્ષણિક ઉન્નતિ પર વધારે ધ્યાન આપીએ અને મુસ્લિમ નવયુવાનો માટે આધુનિક અને દીની બંને પ્રકારના શિક્ષણની

વ્યવસ્થા કરીએ. આધુનિક શિક્ષણ વગર મુસલમાનો પ્રગતિ કરી શકતા નથી. તેથી આ કામને આપણી પ્રાથમિકતાઓમાં સામેલ કરવું જોઈએ.

## જમાઅતે ઇસ્લામી હિંદ અને મીડિયા :

ઇસ્લામ અત્યાર સુધી દેશવાસીઓની સામે એક ઇશ્યૂ (મુદ્દો) નથી બની શક્યો. તેનો જે કંઈ પરિચય તેમના વચ્ચે છે, તે નકારાત્મક સ્વરૂપે છે. તેનું પ્રદર્શન દરરોજ મીડિયામાં ઇસ્લામ અને મુસલમાનો વિશે પ્રસિદ્ધ કરવામાં આવતી છબીથી થતું રહે છે. અમે ઇચ્છીએ છીએ કે દેશમાં ઇસ્લામ હકારાત્મક સ્વરૂપમાં એ હેસિયતથી કે તે દેશની સમસ્યાઓ હલ કરી શકે છે, સપષ્ટ થઈને સામે આવે.

અફસોસ છે કે આપણે મીડિયાનો આ હેતુ માટે ઉપયોગ કરી શકતા નથી. અમે ઇચ્છીએ છીએ કે માસ મીડિયાનો ઇસ્લામ અને મુસલમાનો વિશે ગેરસમજો દૂર કરવા માટે ઉપયોગ કરીએ અને એ બતાવીએ કે ઇસ્લામ અને તેને માનવાવાળા દેશની સામે જે સમસ્યાઓ છે, તેને હલ કરવાની યોગ્યતા ધરાવે છે. પરંતુ તેઓ જનમતને પ્રભાવિત કરી શકતા નથી, એટલા માટે કે તેના વાચકો સામાન્ય રીતે મુસલમાનો છે. એક સીમિત વર્ગની બહાર તેમનો અવાજ પહોંચી શકતો નથી. એક ઘટના આ અખબારોમાં છપાય તો તેને અવગણી દેવામાં આવે છે, પરંતુ એ જ સ્ટોરી કોઈ નેશનલ અખબારમાં પ્રકાશિત થાય તો તેની અસર વર્તાય છે. આનાથી સ્પષ્ટ થાય છે કે આપણા મીડિયાનો એક વિશાળ અને ખાસ કરીને બિનમુસ્લિમ સમૂહમાં કોઈ પ્રભાવ નથી. આ મામલામાં ફક્ત કેરાળા અપવાદ છે, જ્યાંથી નીકળતું જમાઅતનું સમાચારપત્ર 'માધ્યમમ્' બહોળો વાચક-વર્ગ ધરાવે છે, જેમાં બિનમુસ્લિમોની પણ મોટી સંખ્યા છે. તેથી કેરાળાના રાજકારણમાં તેની અસર પણ છે.

જમાઅતે થોડા સમય અગાઉ મીડિયા-સેલ ઊભો કર્યો હતો. તેણે પોતાનું કામ મીડિયામાં ઇસ્લામ અને મુસલમાનો વિશે પ્રકાશિત થતાં લેખો અને અહેવાલોના ડૉક્યુમેન્ટેશન અને જમાઅતના નેતૃત્વને આ માહિતીની ઉપલબ્ધિ સુધી મર્યાદિત રાખ્યું. જરૂરત છે કે આનાથી આગળ વધીને કામ કરવામાં આવે. આ સંદર્ભમાં ત્રણ પાસાઓથી કામ કરવાની આવશ્યકતા છે. સૌપ્રથમ એ કે એક સ્થાયી મીડિયા ટીમ તૈયાર કરવામાં આવે, જે પોતાના અહેવાલો અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા ઇસ્લામ અને મુસલમાનો વિશે જોવા મળતી ગેરસમજો દૂર કરે અને સાચી હકીકતો પ્રસ્તુત કરે. બીજું એ કે મીડિયાથી સંબંધિત બિનમુસ્લિમ લોકોથી સંપર્કો સ્થાપિત કરવામાં આવે. તેમાં સૌ ઇસ્લામ અને મુસલમાનો અંગે નકારાત્મક વલણ નથી ધરાવતા, બલ્કે કેટલાક લોકો એવા પણ છે, જેઓ મુસલમાનો અને ઇસ્લામ વિશે સચ્ચાઈઓને નિર્ભેળ રૂપે પ્રસ્તુત કરવા ચાહે છે.

ભૂતકાળમાં ગુજરાતમાં થયેલ મુસ્લિમોના નરસંહાર વિરુદ્ધ તેમનો અવાજ મીડિયાથી સંબંધિત મુસ્લિમ મહાનુભાવોથી વધારે ઊંચો હતો. ત્રીજું એ કે આપણે મુસલમાનો અને જમાઅતથી સંલગ્ન લોકોને મીડિયામાં, બિનમુસ્લિમ સંચાલિત મીડિયામાં જવાનું પ્રોત્સાહન આપવું જોઈએ, જ્યાં તેઓ ઈસ્લામ અને મુસલમાનોના પ્રશ્નોને નિર્ભેળ અંદાજમાં પ્રસ્તુત કરી શકે.